# ખાનગી વીજ કંપનીઓ સાથેના વીજ ખરીદીના કરારો

1. સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી, ભારત સરકાર દ્વારા દર ૫ વર્ષે ઈલેક્ટ્રીક પાવર સર્વે રીપોર્ટ જાહેર કરવામાં આવે છે જેના દ્વારા દરેક રાજ્યની આવનારા સમયની અંદાજીત વીજમાંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે
2. ઈલેક્ટ્રિસિટી એક્ટ 2003 ની કલમ ૬૨ની જોગવાઈ મુજબ વીજ ખરીદ કરાર કોસ્ટ પ્લસ પદ્ધતિ અને કલમ ૬૩ની જોગવાઈ મુજબ વીજ ખરીદ કરાર સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી કરવામાં આવે છે. કોસ્ટ પ્લસ વીજ કરાર અંતર્ગત ચૂકવવા પાત્ર ટેરિફ વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરવામાં આવે છે. જ્યારે સ્પર્ધાત્મક બિડિંગ અંતર્ગત થયેલ વીજ કરારને અને ટેરીફને વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવે છે અને વીજ કરાર અંતર્ગતની શર્ત મુજબ ટેરિફની ચુકવણી કરવામા આવે છે.
3. કેન્દ્ર સરકારની વર્ષ ૨૦૦૬ની નેશનલ ટેરીફ પોલીસી મુજબ ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી માત્ર સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા જ વીજ ખરીદી કરવાનો નિર્દેશ આપવામાં આવેલ
4. રાજ્યની વધતી જતી વીજમાંગને પૂર્ણ કરવાના હેતુથી વિવિધ ખાનગી કંપનીઓ સાથે પરંપરાગત અને બિન પરંપરાગત સ્રોતમાંથી વીજ ખરીદી માટે કરાર કરવામાં આવેલ છે
5. વર્ષ ૨૦૦૨માં રાજ્યની મહતમ વીજ માંગ ૭૭૪૩ મે.વો હતી જે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૪૫૪૪ મે.વો થયેલ છે. ૨૧ વર્ષમાં ૩ ગણો વધારો જે રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે વિકાસમાં વીજળીની અગત્યમાં દર્શાવે છે.
6. છેલ્લા ૨૨ વર્ષથી રાજ્યમાં સતત અને ગુણવતાયુક્ત વીજ પુરવઠો આપવામાં આવે છે જેના કારણે રાજયના વિકાસમાં ગામડાઓ પણ આજે સહભાગી બન્યા છે.
7. ગુજરાત રાજ્યનો per capita electricity consumption જે વર્ષ ૨૦૦૨માં ૯૫૩ યુનિટ હતો તે આજે વધીને ૨૪૦૨ યુનિટ થયેલ છે – જે વીજ ઉપલબ્ધતામાં વૃદ્ધિ દર્શાવે છે
8. રાજ્યની કુલ પરંપરાગત વીજ ક્ષમતામા ખાનગી આયાતી કોલસા આધારિત ક્ષમતાનો ૨૫% થી પણ વધારે ફાળો છે – ૫૩૬૧ મે.વો
9. ખેતીવાડી સહિતની વીજમાંગમા થયેલ તીવ્ર વધારાને કારણે તમામ વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવું જરૂરી છે

10. સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવ વધારો થવાના કારણે વીજ પ્રોજેક્ટ દ્વારા પ્લાન્ટ બંધ કરી દેવામાં આવેલ અને સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતા સંબંધિત મુદાઓ ઉદ્ભવેલ
11. ઓક્ટોબર ૨૦૧૮માં આયાતી કોલસાનો ભાવ ૧૦૧ US Dollar પ્રતિ મેટ્રિક ટન એટલે કે રૂ. ૭૩૫૮ પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ, જે ઓક્ટોબર ૨૦૨૨માં આયાતી કોલસાનો ભાવ ૩૩૧ US Dollar પ્રતિ મેટ્રિક ટન એટેલે કે રૂ. ૨૭૪૭૩ પ્રતિ મેટ્રિક ટન જેટલો થઈ ગયેલ.
12. આ વિકટ પરિસ્થિતિ દરમ્યાન રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા રાજ્યના ખેતીવાડી ક્ષેત્ર સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે વિવિદ્ય સ્ત્રોતમાંથી વીજ પુરવઠો મેળવવામાં આવેલ છે.
13. વર્ષ ૨૦૨૧માં ગુજરાત રાજ્યની Available Transfer Capacity 9500 MW હતી, જે વધીને સપ્ટે-૨૦૨૨ સુધીમાં 12450 MW થયેલ છે. ATCમાં વધારો થવાથી રાજ્ય દ્વારા સેન્ટ્રલ ગ્રીડમાંથી વધુ વીજ પુરવઠો મેળવી શકે છે જે રાજ્યની વધતી જતી વીજમાંગ ને પુરી પાડવામાં મદદરૂપ થયેલ છે. આ માનનીય ભુપેન્દ્રભાઈની આગેવાની હેઠળની સરકારની મોટી ઉપલબ્ધી છે.
14. દેશમાં વીજ ક્ષેત્રે કટોકટી ન થાય તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસિટી એક્ટની સેક્શન 11 હેઠળ તમામ આયાતી કોલસા આધારિત પ્રોજેકટને વીજ ઉત્પાદન કરવા માટે વર્ષ ૨૦૨૨મા અને વર્ષ ૨૦૨૩મા નિર્દેશ આપવામાં આવેલ છે જે હાલ ૩૦.૦૬.૨૦૨૪ સુધી લાગુ છે.
15. આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટને જે તે કંપનીઓ સાથે થયેલ વીજ કરાર, સપ્લીમેન્ટલ કરાર ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ સેક્શન ૧૧ અંતર્ગત કરવામાં આવેલ એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ છે જે વીજ નિયમન આયોગના નિર્ણય મુજબ આખિર કરી સરભર કરવામાં આવશે.

**વર્ષ ૨૦૨૩ દરમ્યાન રાજ્ય દ્વારા ૨૪,૫૪૪ મે.વો ની મહતમ વીજ માંગ વિના કોઈ વિક્ષેપ ઉપલબ્ધ કરવામાં આવેલ છે જે પુરતું આયોજન અને વીજ પુરવઠાની ઉપલબ્ધી દર્શાવે છે**

## (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષ વાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી?

જવાબ

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરાર મુજબ ખાનગી કંપની (બિન-પરંપરાગત સહિત) પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની માહિતી.

| વર્ષ | કંપનીઓની સંખ્યા | મિલિયન યુનિટ | દર (રૂ/યુનિટ) | રકમ (રૂ કરોડ) |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૮૦૪ | ૩૯૮૨૬ | ૫.૨૫ | ૨૦૮૯૮ |
| ૨૦૨૩ (પ્રોવિ.) | ૯૧૯ | ૪૧૫૧૩ | ૪.૭૫ | ૧૯૭૩૬ |

## (૨) વર્ષ ૨૦૨૨ & ૨૦૨૩ દરમ્યાન ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા વિવિધ ખાનગી કંપની પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવેલ છે?

જવાબ

છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલી કુલ વીજળીની માહિતી

| સેક્ટર | ૨૦૨૨ | | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % |
| લાંબાગાળાના કરાર હેઠળની કંપનીઓ | ૧૮૪૭૩ | ૬.૭૪ | ૪૬ | ૨૦૪૮૮ | ૫.૮૧ | ૪૯ |
| ટુંકાગાળાના કરાર હેઠળની કંપનીઓ | ૧૧૪૩ | ૭.૧૦ | ૩ | ૨૩૫૬ | ૬.૭૦ | ૬ |
| મધ્યમગાળાના કરાર હેઠળની કંપનીઓ | ૭૪૭૨ | ૩.૨૪ | ૧૯ | ૪૮૯૮ | ૩.૨૪ | ૧૨ |
| બિન - પરંપરાગત સ્ત્રોત | ૧૨૭૩૮ | ૪.૦૯ | ૩૨ | ૧૩૭૭૦ | ૩.૮૯ | ૩૩ |
| કુલ | ૩૯૮૨૬ | ૫.૨૫ | ૧૦૦ | ૪૧૫૧૩ | ૪.૭૫ | ૧૦૦ |

**(3) છેલ્લા ૨ વર્ષમાં લાંબાગાળાના કરાર હેઠળ વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી તેની કરારિત વીજ ક્ષમતા સામે કેટલી વીજળી ક્યા દરે ખરીદવામાં આવેલ ?**

જવાબ

**છેલ્લા ૨ વર્ષમાં લાંબાગાળાના કરાર હેઠળ વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી તેની કરારિત વીજ ક્ષમતા સામે ખરીદેલી વીજળીની માહિતી**

| સેક્ટર | કરારિત ક્ષમતા (મે.વો) | ૨૦૨૨ | | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % હિસ્સો | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % હિસ્સો |
| કોસ્ટલ ગુજરાત પાવર | ૧૮૦૫ | ૧૦૪૪૭ | ૫.૭૮ | ૫૬ | ૭૮૯૦ | ૫.૮૪ | ૩૯ |
| અદાણી પાવર મુન્દ્રા લી. | ૨૪૩૪ | ૬૦૦૭ | ૮.૯૯ | ૩૩ | ૭૪૨૪ | ૬.૪૭ | ૩૫ |
| એસ્સાર પાવર ગુજરાત | ૧૧૨૨ | ૧૧૬૮ | ૭.૬૨ | ૬ | ૩૮૦૪ | ૫.૮૫ | ૧૯ |
| એ.સી.બી (ઇંડિયા) લી. | ૨૦૦ | ૮૫૨ | ૧.૫૫ | ૫ | ૧૩૭૦ | ૧.૯૭ | ૭ |
| | **૫૫૬૧** | **૧૮૪૭૩** | **૬.૭૫** | **૧૦૦%** | **૨૦૪૮૮** | **૫.૮૧** | **૧૦૦%** |

**(૪) ખાનગી કંપનીઓ સાથે કેટલી વીજ ક્ષમતાના વીજ ખરીદ કરાર છે અને તેની સામે ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ કેટલી વીજ ખરીદી કરવામાં આવે છે?**

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતે ખાનગી કંપનીઓ સાથે થયેલ કરાર અને વીજ ખરીદીની માહિતી

| | પીપીએ | મેગાવોટ | મિલિયન યુનિટસ | કુલ રૂ-કરોડ | રૂ/યુનિટ |
|---|---|---|---|---|---|
| પરંપરાગત | | | | | |
| કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૧ | ૧૮૦૫ | ૭૮૯૦ | ૪૬૦૮ | ૪.૯૬ |
| અદાણી પાવર મુંદ્રા લિ. | ૨ | ૨૪૩૪ | ૭૪૨૪ | ૪૮૦૩ | ૬.૪૭ |
| એસ્સાર પાવર ગુજરાત લિ. | ૧ | ૧૧૨૨ | ૩૮૦૪ | ૨૨૨૫ | ૫.૮૫ |
| એસીબી(ઇન્ડિયા) લી. | ૧ | ૨૦૦ | ૧૩૭૦ | ૨૭૦ | ૧.૯૭ |
| કુલ | ૫ | ૫૫૬૧ | ૨૦૪૮૮ | ૧૧૯૦૬ | ૫.૮૧ |

## (૫) છેલ્લા ૨ વર્ષમાં વિવિધ ટુંકાગાળાના કરાર હેઠળની ખાનગી કંપનીઓ પાસેથી કેટલી વીજળી ક્યા દરે ખરીદવામાં આવેલ?

**જવાબ**

| કંપનીનુ નામ | ૨૦૨૨ | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | દર રૂ. / યુનિટ | મિલિયન યુનિટ્સ | દર રૂ. / યુનિટ |
| ટાટા પાવર ટ્રેડિંગ કંપની લિમિટેડ | ૬૩૨ | ૭.૧૪ | ૧૦૬૪ | ૭.03 |
| પીટીસી ઈંડિયા લિમિટેડ | ૯૦ | ૭.૧૭ | ૨૭૨ | ૫.૬૦ |
| એનટીપીસી વિધ્યુત વ્યાપાર નિગમ લિ | ૨૨૫ | ૭.03 | ૪૫૮ | ૭.૫૯ |
| મણિકરણ પાવર લિમિટેડ | - | - | ૩૨ | ૫.૯૮ |
| સેમ્બકોર્પ એનર્જી ઈંડિયા લિમિટેડ | ૧૯૬ | ૭.0૧ | ૧૮૭ | ૬.૪૦ |
| જીન્દાલ પાવર લિમિટેડ | - | - | ૩૪૩ | ૫.૫૭ |
| **કુલ** | **૧૧૪૩** | **૭.૧૦** | **૨૩૫૬** | **૬.૭૦** |

## (૬) છેલ્લા ૨ વર્ષમાં વિવિધ મધ્યમગાળાના કરાર હેઠળની ખાનગી કંપનીઓ પાસેથી કેટલી વીજળી ક્યા દરે ખરીદવામાં આવેલ ?

| કંપનીનુ નામ | ૨૦૨૨ | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | દર રૂ. / યુનિટ | મિલિયન યુનિટ્સ | દર રૂ. / યુનિટ |
| અદાણી એંટરપ્રાઈસિસ લિ | ૩૭૪૭ | ૩.૨૪ | ૨૩૨૦ | ૩.૧૮ |
| ટાટા પાવર ટ્રેડિંગ કંપની | ૧૪૪૦ | ૩.૨૬ | ૮૯૭ | ૩.૩૧ |
| સેમ્બકોર્પ એનર્જી ઈંડિયા | ૭૯૨ | ૩.૨૨ | ૪૮૮ | ૩.૨૪ |
| જીએમઆર વરોરા એનર્જી | ૧૧૩૬ | ૩.૨૮ | ૯૬૯ | ૩.૨૬ |
| મણિકરણ પાવર લિ. | ૩૫૬ | ૩.૨૦ | ૨૨૩ | ૩.૧૮ |
| | **૭૪૭૧** | **૩.૨૪** | **૪૮૯૮** | **૩.૨૪** |

**(૭) ખાનગી પ્રોજેક્ટમાંથી વીજ ખરીદી ના શા કારણો છે? રાજ્યની વીજ માંગની સામે ખાનગી વીજ મથકોનો કુલ ખરીદીમાં કેટલો ફાળો છે?**

જવાબ

કેન્દ્ર સરકારની વર્ષ ૨૦૦૬ની નેશનલ ટેરીફ પોલીસી મુજબ ખાનગી વીજઉત્પાદકો પાસેથી માત્ર સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા વીજ ખરીદી કરવાનો નિર્દેશ આપવામાં આવેલ.

રાજ્યની છેલ્લા ૭ વર્ષોની મહતમ વીજમાંગ, કુલ વીજ ખરીદી અને આયાતી કોલસાની ખરીદીની માહિતી.

| Calendar Year | Peak Demand – State | Total Power Purchase | Power Purchase from Private coal projects | % share of Private IPPs |
|---|---|---|---|---|
| | In MW | Million Units | Million Units | %share |
| 2017 | 17097 (Oct-17) | 86591 | 27508 | 31.80% |
| 2018 | 18221 (Sep-18) | 97653 | 20167 | 20.70% |
| 2019 | 18424 (June-19) | 94491 | 29243 | 30.90% |
| 2020 | 17298 (Oct-20) | 90017 | 24624 | 27.40% |
| 2021 | 19431 (Aug-21) | 106777 | 14626 | 13.70% |
| 2022 | 21382 (Apr-22) | 119286 | 18474 | 15.50% |
| 2023 | 24544 (Sep-23) | 123032 | 20488 | 16.70% |

- રાજ્યની પરંપરાગત સ્ત્રોતની વીજ ક્ષમતામાં ખાનગી ક્ષમતાનો 25%થી વધારે ફાળો છે.
- Adani Power – 2434 MW imported coal
- Tata Power – 1805 MW imported coal
- Essar Power – 1122 MW imported coal
- ACB (India) – 200 MW domestic coal

Total – 5561 MW

રાજ્યની વધતી જતી વીજમાંગને પૂરી પાડવા માટે આયાતી કોલસા આધારિત વીજ મથકોમાં થી ઉત્પાદન મેળવવું જરૂરી છે. ઉપરોક્ત વીજ મથકોમાંથી જો પુરવઠો ન મેળવવામાં આવેલ તો રાજ્યમાં વીજ કાપની સ્થિતિ સર્જાય શકે છે.

રાઉન્ડ – ૩ અગ્રતાક્રમાંક – ૫ & ૯

- વિવિધ સ્ત્રોતમાંથી વીજ ખરીદી અને તેના હિસ્સાની માહિતી

| Year | | Adani Power | Tata Power | Essar Power | ACB India | Total - private | Power Exchanges | RE | Total purchase |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2017 | MUS | 10918 | 11684 | 3452 | 1454 | **27508** | 3255 | 7996 | **86591** |
| | % | 12.6% | 13.5% | 4.0% | 1.7% | **31.8%** | 3.8% | 9.2% | |
| 2018 | MUS | 6501 | 12107 | 48 | 1511 | **20167** | 7795 | 9057 | **97653** |
| | % | 6.7% | 12.4% | 0.0% | 1.5% | **20.7%** | 8.0% | 9.3% | |
| 2019 | MUS | 13053 | 12218 | 2807 | 1165 | **29243** | 1963 | 10781 | **94491** |
| | % | 13.8% | 12.9% | 3.0% | 1.2% | **30.9%** | 2.1% | 11.4% | |
| 2020 | MUS | 6996 | 11929 | 4530 | 1169 | **24624** | 3187 | 10343 | **90017** |
| | % | 7.8% | 13.3% | 5.0% | 1.3% | **27.4%** | 3.5% | 11.5% | |
| 2021 | MUS | 5589 | 7315 | 749 | 973 | **14626** | 15289 | 12958 | **106777** |
| | % | 5.2% | 6.9% | 0.7% | 0.9% | **13.7%** | 14.3% | 12.1% | |
| 2022 | MUS | 6007 | 10447 | 1168 | 852 | **18474** | 8447 | 15271 | **119286** |
| | % | 5.0% | 8.8% | 1.0% | 0.7% | **15.5%** | 7.1% | 12.8% | |
| 2023 | MUS | 7424 | 7890 | 3804 | 1370 | **20488** | 7743 | 16405 | **123032** |
| | % | 6.0% | 6.4% | 3.1% | 1.1% | **16.7%** | 6.3% | 13.3% | |

**(૮) તા ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૨૦૨૨ અને ૨૦૨૩) રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો માંથી કેટલા યુનિટ વીજળી કયા દરે ખરીદવામાં આવી?**

જવાબ

તા ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ બે વર્ષમાં (૨૦૨૨ અને ૨૦૨૩) દરમ્યાન રાજ્ય સરકાર હસ્તક ના વીજ મથકો માંથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત

| સેક્ટર | ૨૦૨૨ | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ |
| જી.એસ.ઈ.સી.એલ (GSECL) | ૨૨૮૮૧ | ૫.૪૮ | ૨૨૪૩૦ | ૬.૧૧ |
| રાજ્ય હસ્તક આઈપીપી (State IPP) | ૩૨૨૫ | ૫.૩૯ | ૩૩૦૨ | ૫.૭૨ |

## (૯) વર્ષ ૨૦૨૨ & ૨૦૨૩ દરમ્યાન ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા વિવિધ સેક્ટર મુજબ કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવેલ છે?

જવાબ

છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા વિવિધ સેક્ટર મુજબ ખરીદેલી કુલ વીજળીની માહિતી

| સેક્ટર | ૨૦૨૨ | | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % |
| જી.એસ.ઈ.સી.એલ (GSECL) | ૨૨૮૮૧ | ૫.૪૮ | ૧૯ | ૨૨૪૩૦ | ૬.૧૧ | ૧૮ |
| રાજ્ય હસ્તક આઈપીપી (State IPP) | ૩૨૨૫ | ૫.૩૯ | ૩ | ૩૩૦૨ | ૫.૭૨ | ૩ |
| કેન્દ્ર હસ્તકના સાહસો (Central Sector) | ૪૨૩૬૭ | ૪.૪૯ | ૩૫ | ૪૫૩૫૭ | ૪.૩૯ | ૩૭ |
| ખાનગી સાહસો (Private) | ૧૮૪૭૩ | ૬.૭૫ | ૧૬ | ૨૦૪૮૮ | ૫.૮૧ | ૧૭ |
| પાવર એક્ષચેન્જ અને અન્ય દ્વિપક્ષીય | ૧૭૦૬૨ | ૪.૫૬ | ૧૪ | ૧૫૦૫૦ | ૫.૪૦ | ૧૨ |
| બિનપરંપરાગત સ્ત્રોત | ૧૫૨૭૮ | ૩.૯૯ | ૧૩ | ૧૬૪૦૫ | ૩.૮૩ | ૧૩ |
| કુલ | ૧૧૯૨૮૬ | ૫.૦૦ | ૧૦૦ | ૧૨૩૦૩૨ | ૫.૦૨ | ૧૦૦ |

## (૧૦) તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં(૨૦૨૨ અને ૨૦૨૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા વિવિધ બળતણ સ્ત્રોતોમાંથી કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવેલ છે?

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા જુદા જુદા બળતણના સ્ત્રોત મુજબ ખરીદેલી વીજળીની માહિતી

| બળતણ | ૨૦૨૨ | | | ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % |
| ન્યુક્લિયર | ૨૯૦૦ | ૩.૦૫ | ૨ | ૩૯૪૬ | ૪.૯૯ | ૩ |
| કોલસો અને લિગ્નાઈટ | ૮૨૦૬૪ | ૫.૨૮ | ૬૯ | ૮૫૫૦૭ | ૫.૦૭ | ૭૦ |
| ગેસ | ૭ | ૧૧.૧૯ | 0.0૧ | ૬૯૧ | ૨૬.૭૫ | ૧ |
| હાઈડ્રો | ૧૯૭૫ | ૧.૧૬ | ૨ | ૧૪૩૨ | ૧.૫૫ | ૧ |
| બિનપરંપરાગત સ્ત્રોત | ૧૫૨૭૮ | ૩.૯૯ | ૧૩ | ૧૬૪૦૫ | ૩.૮૩ | ૧૩ |
| અન્ય સ્ત્રોત (પાવર એક્ષચેન્જ, બાયલેટરલ વગેરે) | ૧૭૦૬૧ | ૪.૫૬ | ૧૪ | ૧૫૦૫૦ | ૫.૪૦ | ૧૨ |
| કુલ | ૧૧૯૨૮૬ | ૫.૦૦ | ૧૦૦ | ૧૨૩૦૩૨ | ૫.૦૨ | ૧૦૦ |

## (૧૧) સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા અંતર્ગત કયા થર્મલ પ્રોજેક્ટ્સ રાજ્યમાં વીજળી સપ્લાય કરે છે?

જવાબ

| પ્રોજેક્ટ ડેવલપરનું નામ | વીજ ક્ષમતા (મેવો) | લેવલાઈઝડ ટેરિફ (રૂ/યુનિટ) | કરારની તારીખ |
|---|---|---|---|
| એસીબી (ઇન્ડિયા) લિ. | ૨૦૦ | ૨.૨૬ | ૨૬-૦૨-૦૭ |
| એસ્સાર પાવર ગુજરાત લિ. | ૧૧૨૨ | ૨.૪૦ | ૨૬-૦૨-૦૭ |
| અદાણી પાવર મુંદ્રા લિ. (બીડ – ૧ અને બીડ ૨) | ૨૪૩૪ | ૨.૮૯ અને ૨.૩૫ | ૦૬-૦૨-૦૭ અને ૦૨-૦૨-૨૦૦૭ |
| કોસ્ટલ ગુજરાત પ્રા. લિ (મુંદ્રા UMPP) | ૧૮૦૫ | ૨.૨૬ | ૨૨-૦૪-૦૭ |

## (૧૨) વીજ ખરીદીના ટેરીફના મહત્વના પરિબળ કયા છે? ખાનગી કંપનીઓના ટેરીફમાં વધઘટ અંગે વીજ ખરીદ કરારમાં જોગવાઈઓ હોય છે?

જવાબ

•વીજ ખરીદ કરાર અંતર્ગત ટેરીફની ચુકવણી બે ભાગમાં એટલે કે.

(અ) ફિક્સ કોસ્ટ - પ્લાન્ટની ઉપલબ્ધતાને આધારે ચુકવણી
(બ) વેરીએબલ કોસ્ટ -ચુકવણી પ્રોજેકટમાંથી મેળવેલ ઉત્પાદનને આધારે.

વધુમાં ટેરીફ ઉપરાંત, કરારમાં નીચે દર્શાવેલ પરિબળોના એડજસ્ટમેન્ટ ની પણ જોગવાઈ છે.

૧. પેનલ્ટી – વીજ ખરીદ કરાર અંતર્ગત લઘુતમ નિયત પુરવઠો પૂરો ન પાડવા અન્વયે લાગુ પડે છે. સમગ્ર દેશમાં અમલી થયેલ સમાન પદ્ધતિ પ્રમાણે વીજ દરેક થર્મલ વીજ ખરીદ કરાર હેઠળની જોગવાઈ મુજબ જો વાર્ષિક પ્લાન્ટની ઉપલબ્ધતા 80-85% હોય તો તેને સંપૂણ ફિક્સ કોસ્ટ ચુકવવાની રહે છે. અને જો પ્લાન્ટની વાર્ષિક ઉપલબ્ધતા 75%-80%થી ઓછી હોય તો તે પ્રોજેક્ટ પાસેથી કરારની જોગવાઈ મુજબ પેનલ્ટી વસુલવામાં આવે છે.

૨. ઇન્સેન્ટીવ – પ્લાન્ટની વાર્ષિક ઉપલબ્ધતા કરારિત ક્ષમતા કરતા વધારે હોય તો તે અન્વયે ચૂકવવાપાત્ર રકમ.

૩. "ચેન્જ ઈન લો” અન્વયે વીજ નિયમન આયોગની મંજુરી બાદ ટેરીફમાં આવતા ફેરફાર.

**(૧૩) શું રાજય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓને વીજ ખરીદ કરાર હેઠળ ચુકવવામાં આવતા વીજ દરમાં કોઈ માર્જીન/નફો ઉમેરવામાં આવે છે ?**

જવાબ

- રાજ્ય સરકાર દ્વારા વિવિધ કંપનીઓ પાસે થી વીજ ખરીદી અન્વયે ટેરીફ ની ચુકવણી, કરાર ની જોગવાઈઓ મુજબ કરવામાં આવે છે જેમાં મુખ્ય પરિબળ તરીકે ફિક્સ કોસ્ટ અને વેરીએબલ કોસ્ટ હોઈ છે.
- ફિક્સ કોસ્ટ ની ચુકવણી પ્લાન્ટ ની ઉપલબ્ધતા ના આધારે કરવાની રહે છે જયારે વેરીએબલ કોસ્ટની ચુકવણી મેળવેલ ઉત્પાદનના આધારે કરવામાં આવે છે.
- વધુમાં જણાવવાનું કે ખાનગી કંપનીઓ સાથે ના વીજ ખરીદ કરાર ની જોગવાઈઓ તથા ટેરીફ માનનીય વીજ નિયમન આયોગ દ્વારા મંજુર કરવામાં આવે છે અને તે પ્રમાણે ટેરીફ ની ચુકવણી કરવામાં આવે છે.
- આમ રાજ્ય સરકાર દ્વારા વીજ દર માં કોઈ મારજીન કે નફો ઉમેરવામાં આવતો નથી.

## (૧૪) રાજ્યની વીજ માંગ કેટલી છે, તેમાં પાછલા ૨૧ વર્ષમાં કેટલો વધારો થયેલ છે તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વીજમાંગને પૂરી પાડવા શા પગલા લીધેલા છે?

જવાબ

- વર્ષ ૨૦૦૨માં રાજ્યની મહતમ વીજ માંગ ૭૭૪૩ મે.વો હતી જે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૪૫૪૪ મે.વો થયેલ છે. ૨૧ વર્ષમાં ૩ ગણો વાધારો જે રાજ્યની વીજ ક્ષેત્રની પ્રગતિ દર્શાવે છે
- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સમક્ષ લોકોની માંગણી આવી કે સાંજના સમયે વાળું ટાણે તો વીજળી આપો ત્યારે રાજ્ય દ્વારા તમામ ગામડાઓમાં ૨૪ કલાક ૩ ફેઝ વીજ પુરવઠો ઉપલબ્ધ કરવાના હેતુથી જ્યોતિગ્રામ યોજનાનું સફળ અમલીકરણ કરવામાં આવેલ.
- જેના કારણે રાજયના વિકાસમાં ગામડાઓ પણ સહભાગી બન્યા છે.
- ગુજરાત રાજ્યનો per capita electricity consumption જે વર્ષ ૨૦૦૨માં ૯૫૩ યુનિટ હતો તે આજે વધીને ૨૪૦૨ યુનિટ થયેલ છે – જે વીજ ઉપલબ્ધતામાં વૃદ્ધિ દર્શાવે છે
- વર્ષ ૨૦૧૭માં કુલ વીજ ખરીદી ૮૬૫૯૧ મિલિયન યુનિટ હતી જે વર્ષ ૨૦૨૩માં વધીને ૧૨૩૦૩૨ મિલિયન યુનિટ્સ થયેલ છે – ૪૨%નો વધારો
- સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવ વધારો થવાના કારણે વીજ પ્રોજેક્ટ દ્વારા પ્લાન્ટ બંધ કરી દેવામાં આવેલ અને સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતા સંબંધિત મુદાઓ ઉદ્ભવેલ
- આ વિકટ પરિસ્થિતિ દરમ્યાન રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા રાજ્યના ખેતીવાડી ક્ષેત્ર સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે વિવિદ્ય સ્રોતમાંથી વીજ પુરવઠો મેળવવામાં આવેલ છે.

**(૧૫) વર્ષ ૨૦૨૧ના સપ્ટેમ્બર-ઓક્ટોબર માહમાં જયારે અંતરરાષ્ટ્રીય સ્તરે કોલસાના ઉત્પાદન અને પુરવઠાને લાગતી સમસ્યાઓ ઉદભવેલ ત્યારે ગુજરાત દ્વારા કઈ રીતે પુરતો વીજ પુરવઠો એરેન્જ કરવામાં આવેલ?**

જવાબ

- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. – ૫૫૬૧ મેગાવોટ આયાતી કોલસા આધારિત ખાનગી પ્રોજેક્ટ્સ સાથે વીજ કરાર છે.
- આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવેલોપર દ્વારા સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૧ માહ દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારાના (USD 150/MT) કારણે કરાર હેઠળના વીજદર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ.
- રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે વિવિધ સ્ત્રોત મારફત વીજ ખરીદી કરવામાં આવેલ જેવાકે –

✓ પાવર એક્ષ્ચેન્જમાંથી વીજ ખરીદી

✓ ઓક્ટોબર થી ડીસેમ્બર ૨૦૨૧ દરયાન ૫૦૦ મે.વો શોર્ટ ટર્મ માટેનો વીજ ખરીદ કરાર

✓ ઓક્ટોબર ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩ - ૧૦૦૦ મે.વો મીડીયમ ટર્મના વીજ ખરીદ કરાર

✓ કેન્દ્રિય વીજ મથકોમાંથી અન-રીકવીઝીશનડ પાવર સપ્લાય (URS) માંથી વીજ ખરીદી

✓ કેન્દ્રિય વીજ મથકો માંથી અન એલોકેટેડ પાવરના એલોકેશન માંથી વીજ ખરીદી

✓ કેન્દ્ર સરકારની મધ્યસ્થીથી અને રાજ્ય સરકારની મંજુરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ટેમ્પરરી એરેન્જમેન્ટ હેઠળ કોસ્ટલ ગુજરાત પાવર લિ અને અદાણી પાવર મુન્દ્રા લિ ના વીજ પ્રોજેક્ટમાંથી વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવેલ.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨ માં આયાતી કોલસા નો ભાવ ૩૩૧ યુ. એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ છે.

વિકટ પરિસ્થિતિમાં જયારે અન્ય રાજ્યો દ્વારા તીવ્ર ખોટના કારણે લોડ શેડીંગ કરવામાં આવેલ ત્યારે ગુજરાત દ્વારા તમામ વિકલ્પો થકી પુરતી વીજળીની વ્યવસ્થા કરવામાં આવેલ. વધુમાં, ખેતીવાડી ક્ષેત્રે પણ પુરતો વીજ પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવેલ.

**(૧૬) આયાતી કોલસાના ભાવમાં વધારો થવાને કારણે કયા પ્રોજેક્ટ્સ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે?**

જવાબ

- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલ અને વીજ ખરીદી કરાર કરેલ આયાતી કોલસા આધારિત ખાનગી પ્રોજેક્ટ્સ...

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. – **૧૮૦૫ મે.વો.**

(Original કરાર - ૧૮૦૫ **મે.વો.** – વર્ષ ૨૦૦૭)

(૨) અદાણી પાવર મુન્દ્રા લી, મુન્દ્રા બીડ -૧ – **૧૨૦૦ મે.વો.**

(original કરાર – ૧000 મે.વો. – વર્ષ ૨૦૧૮માં સપ્લીમેનટલ કરાર થકી વધારાની ૨૦૦ મે.વો. ક્ષમતા કરારિત કરવામાં આવેલ છે.)

(૩) અદાણી પાવર મુંદ્રા લી. બીડ-૨ - **૧૨૩૪ મે.વો.**

(Original ૧000 મેગાવોટ વર્ષ ૨૦૧૮માં સપ્લીમેંટરી કરાર થકી વધારાની ૨૩૪ મેગાવોટ ક્ષમતા કરારીત કરવામાં આવેલ છે.

(૪) એસ્સાર પાવર ગુજરાત લી. – સલાયા – **૧૧૨૨ મે.વો.**

(original – 1000 MW, ૨૦૨૧માં SPPA 122 MW additional)

કુલ આયાતી ખાનગી પ્રોજેક્ટ્સ – કોસ્ટલ ગુજરાત – ૧૮૦૫ MW

અદાણી પાવર – ૨૪૩૪ MW

એસ્સાર પાવર – ૧૧૨૨ MW

**કુલ – ૫૩૬૧ MW**

**(૧૭) મેરીટ ઓર્ડર પ્રક્રિયા એટલે શું? શું વીજ ખરીદી અન્વયે વીજ પ્રોજેક્ટની માલિકીનું કોઈ મહત્વ હોય છે?**

જવાબ

- રાજ્યમાં વીજ ખરીદી ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા જણાવેલ મેરીટઓર્ડર પ્રોટોકોલ મુજબ કરવાની રહે છે.
- ઉત્પાદન મેળવવામાં પ્લાન્ટની માલિકીને કોઈ પ્રાધન્ય હોતું નથી
- માત્ર બળતણ ખર્ચના ક્રમ મુજબ (સસ્તાથી મોંઘા મુજબ) વીજ જરૂરિયાત પૂર્ણ થાય તેટલું વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે.
- ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ અને ટેરીફ પોલીસી મુજબ, વીજ કરાર અંતર્ગત ફિક્સ કોસ્ટની ચુકવણી ઉપલબ્ધતા આધારિત જયારે બળતણ ખર્ચની ચુકવણી હકીકતમાં મેળવાયેલ ઉત્પાદન મુજબ કરવાની રહે છે.

## (૧૮) છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા કેટલા નવા એકમોની સ્થાપના કરવામાં આવેલ છે? તે પૈકી કુલ કેટલી વીજ ક્ષમતા કાર્યાન્વિત કરવામાં આવેલ છે?

### જવાબ

છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. અને રાજ્ય સરકાર હસ્તકના આઈ.પી.પી દ્વારા કુલ ૧૦ નવા એકમો કાર્યરત કરવામાં આવેલ છે.

| ક્રમ | વીજ મથક / એકમ નું નામ | સેક્ટર | બળતણ | મે.વો | પ્રોજેક્ટ કાર્યાન્વિત |
|---|---|---|---|---|---|
| ૧ | ઉતરાણ ગેસ આધારિત પ્રોજેક્ટ – એકસ્પાન્શન | GSECL | ગેસ | ૩૭૫ | નવેમ્બર-૨૦૦૯ |
| ૨ | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન યુનિટ ૪ | GSECL | લિગ્નાઇટ | ૭૫ | ડીસેમ્બર- ૨૦૦૯ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. – સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ યુનિટ ૪ | State IPP | લિગ્નાઇટ | ૨૫૦ | એપ્રિલ – ૨૦૧૦ |
| ૪ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી હઝીરા એક્ષ્પાન્શન | State IPP | ગેસ | ૩૫૧ | માર્ચ - ૨૦૧૨ |
| ૫ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન – એક્સટેન્શન | GSECL | કોલસો | ૫૦૦ | જુન – ૨૦૧૩ |
| ૬ | જી પી પી સી પીપાવાવ | State IPP | ગેસ | ૭૦૨ | જુલાઈ – ૨૦૧૪ |
| ૭ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન – એકસ્પાન્શન | GSECL | આયાતી કોલસો | ૫૦૦ | ડીસેમ્બર- ૨૦૧૫ |
| ૮ | ધુવારણ ગેસ આધારિત પ્રોજેક્ટ – એકસ્પાન્શન | GSECL | ગેસ | ૩૭૬ | ફેબ્રુઆરી – ૨૦૧૬ |
| ૯ | ભાવનગર લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | GSECL | લિગ્નાઇટ | ૫૦૦ | માર્ચ - ૨૦૧૭ |
| ૧૦ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન – એકસ્પાન્શન | GSECL | કોલસો | ૮૦૦ | ઓક્ટોબર – ૨૦૧૯ |
| | કુલ ૧૦ નવીન એકમો | | | ૪૪૨૯ | |